કેન્દ્ર પુરસ્કૃત યોજના PM YASASVI (PM YOUNG ACHIEVERS SCHOLARSHIP AWARD SCHEME FOR VIBRANT INDIA) હેઠળ રાજ્યના OBC, EBC, DNT ના વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓના અમલીકરણ બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૦૨૦૨૨/૭૪૩/અ.૧
(SJED/EAA/e-file/17/2022/1667/A-1)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૫/૦૯/૨૦૨૨

વંચાણે લીધાઃ-

(૧) ભારત સરકારની PM YASASVI યોજનાની માર્ગદર્શિકા

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૨/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંકઃ વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૬૩૭

આમુખઃ-

વંચાણે લીધા ક્રમાંક (૧) પરની ભારત સરકારની માર્ગદર્શિકા સાથે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હી દ્વારા PM YASASVI યોજના (PM YOUNG ACHIEVERS SCHOLARSHIP AWARD SCHEME FOR VIBRANT INDIA) અંતર્ગત નીચે મુજબની યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે:

1. Pre-Matric Scholarship for OBC, EBC and DNT Students.
2. Post-Matric Scholarship for OBC, EBC and DNT Students.
3. Top Class School Education for OBC, EBC and DNT Students.
4. Top Class College Education for OBC, EBC and DNT Students.
5. Construction of Hostel for OBC Boys and Girls

ઉકત ૫ યોજનાઓ પૈકી ક્રમ- ૧ અને ૨ પરની પ્રિ.મેટ્રીક અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાઓનો અમલ રાજ્ય સરકાર દ્વારા કરવાનો થાય છે. જેના માટે ભારત સરકારનો ૬૦% ફાળો અને રાજય સરકારનો ૪૦% ફાળો રહેશે.

વંચાણે લીધા ક્રમાંક (૨) પરના પત્રથી કેન્દ્ર પુરસ્કૃત યોજના PM YASASVI હેઠળ રાજ્યના OBC, EBC, DNT ના વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓના અમલીકરણ અંગે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે કેન્દ્ર પુરસ્કૃત યોજના PM YASASVI (PM YOUNG ACHIEVERS SCHOLARSHIP AWARD SCHEME FOR VIBRANT INDIA) હેઠળ રાજ્યના OBC, EBC, DNT ના

વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓના અમલીકરણ અન્વયે થતા ફેરફારોને ધ્યાને લઇ નીચે મુજબની બાબતોને મંજૂરી આપવામાં આવે છે:

(૧) કેન્દ્ર પુરસ્કૃત યોજના PM YASASVI હેઠળ રાજ્યના OBC, EBC, DNT ના વિદ્યાર્થીઓ કે જેમના માતાપિતા/વાલીની વાર્ષિક આવક રૂ.૨.૫૦ લાખથી વધુ નથી તેવા વિદ્યાર્થીઓને પ્રિમેટ્રીક અને પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મળવાપાત્ર છે. જેમાં પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં સરકારી/ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાના ધો.૯ અને ૧૦માં અભ્યાસ કરતા રાજ્યના OBC, EBC, DNT ના વિદ્યાર્થીઓને વિદ્યાર્થીદિઠ વાર્ષિક રૂ.૪૦૦૦/- શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. તેમજ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત નીચે મુજબની શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે:-

| ગ્રુપ | અભ્યાસક્રમ | કુલ |
|---|---|---|
| ૧ | પ્રોફેશનલ ડીગ્રી કોર્સ (એન્જીનીયરીંગ/ મેડીકલ/ મેનેજમેન્ટ વિગેરે) | રૂ.૨૦,૦૦૦/- |
| ૨ | ધો.૧૨ પછીના પ્રોફેશનલ ડીપ્લોમા/પોલીટેકનીક/ નર્સીંગ | રૂ.૧૩,૦૦૦/- |
| 3 | બી.એ, બી.એસ.સી, બી.કોમ | રૂ.૮,૦૦૦/- |
| ૪ | ધો. ૧૧-૧૨, આઇ.ટી.આઇ | રૂ.૫,૦૦૦/- |

| ગ્રુપ | કોર્સનું નામ |
|---|---|
| 1 | Degree and Post-Graduate level professional courses shall mean all Professional courses in Medicine, Engineering, Technology, Planning, Architecture, Design, Fashion Technology, Agriculture, Veterinary & Allied Science, Management, Business Finance/Administration, Computer Science/Application<br>Post Graduate Diploma courses in various branches of Management & Medicine<br>C.A./I.C.W.A./C.S./1. C.F.A. etc. (iv) M.Phil., Ph.D. and Post-Doctoral Programmes (D.Lit., D.Sc. etc.) of Group I, Group II and Group III courses.<br>L.L.B, Integrated LL B, L.L.M<br>Commercial Pilot License Courses from GoI institutes |
| 2 | Other Professional Courses leading to Degree, Diploma, Certificate" shall mean all Professional Courses leading to Degree, M Ed. / M. Pharma., Diploma, Certificate in areas like Pharmacy (B Pharma.), Nursing (B Nursing), BFS, other para- medical branches like rehabilitation, diagnostics etc., Mass Communication, Hotel Management & Catering, Travel/Tourism/Hospitality Management, Interior Decoration, Nutrition & Dietetics, Commercial Art, Financial Services (e.g. Banking, Insurance, Taxation etc.) |
| 3 | Graduate and Post Graduate course" shall mean: courses not covered under Group 1 & Group 2<br>e.g. BA / B.Sc. / B. Com etc. M.A/ M. Sc./ M.Com etc. |
| 4 | Std : class XI and XII general and vocational stream, ITI courses, 3 year diploma courses in Polytechnics, etc. |

(૨) કેન્દ્ર પુરસ્કૃત યોજના PM YASASVI હેઠળની પ્રિ-મેટ્રીક યોજના ધો. ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે જ હોવાથી અગાઉની પ્રિ-મેટ્રિક યોજનાના ધો.૧ થી ૮ ના રાજ્યના OBC, EBC and DNT ના અતિ પછાત વિદ્યાર્થીઓને રૂ.૧૫૦૦/- લેખે શિષ્યવૃત્તિ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે.

(૩) PM YASASVI યોજના અંતર્ગત ચાલુ વર્ષે ઉપલબ્ધ ફંડને ધ્યાને લેતાં નાણાં વિભાગ દ્વારા (અ) પ્રિ-મેટ્રીક યોજના(ધો. ૯ અને ૧૦) માટે રૂ.૧૧૮.૭૯ કરોડ, (બ) પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના માટે રૂ.૧૮૧.૨૧ કરોડ અને (ક) ધો.૧ થી ૮ માટે રૂ.૧૩.૫૦ કરોડ એમ કુલ રૂ.૩૧૩.૫૦ કરોડ નાણાં વિભાગ દ્વારા મંજૂર થયેલ છે. જેમાં કેન્દ્રનો ફાળો સામેલ નથી.

(૪) પ્રિ-મેટ્રીક યોજના(ધો. ૯ અને ૧૦) તથા પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના માટે કેન્દ્રના ૬૦% મેચિંગ ફાળો મેળવવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ એ દરખાસ્ત કરવાની રહેશે.

(૫) મંજૂર થયેલ અંદાજો સિવાય થનાર વધારાના ખર્ચની જોગવાઇ માટે નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) એ બજેટ પ્રભાગના સંકલનમાં સુધારેલ અંદાજોમાં જોગવાઇ કરાવવાની રહેશે.

(૬) સદર યોજનાઓના અમલીકરણ માટે જરૂરી ટેકનિકલ વ્યવસ્થા નિયામકશ્રી (વિકસતી જાતિ કલ્યાણ) એ સમયસર કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૮/૨૦૨૨ અને સરકારશ્રીની તા.૨૬/૦૮/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એ. ચૌહાણ)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>
(૧) માન. મુખ્યમંત્રીશ્રીના સંયુક્ત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૨) માન. મંત્રીશ્રી(નાણા)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૩) માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૪) માન. રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક.)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૫) માન. રા.ક.ના મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.ક.)ના અંગત મદદનીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૬) મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
(૭) સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
(૮) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૯) અગ્રસચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.